## ક્રિમીનલ પ્રોસીજર કોડ ક. ૨૫૮ અન્વયેનો હુકમ

સદરહુ કેસનું રેકર્ડ વંચાણમાં લેવામાં આવેલ છે. આરોપી સામેનો હાલનો આ કેસ ઘણો જ જુનો છે. આરોપીને ઘણા લાંબા સમયથી કોર્ટ સમક્ષ લાવી શકાયેલ નથી. આરોપીને કોર્ટ સમક્ષ લાવવા માટેના યોગ્ય પ્રયત્નો થયેલ હોવાનું જણાઈ આવે છે તેમજ વારંવાર સમન્સ વગર બજે પરત આવેલ હોય આરોપી વિરૂધ્ધનો ગુનો તેનો પ્રકાર મહત્મ સજાની જોગવાઈ વીગેરે ધ્યાનમાં લેતાં આરોપી વિરૂધ્ધનો સદરહુ કેસ વધુ સમય આગળ ચલાવવો નાણા અને સમયના વ્યય સમાન છે. જેથી મૃત સ્થિતિમાં હોય તેવા જુના વર્ગીકરણ કરી કેસને ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને રાખી સદરહુ કેસ આગળ ચલાવવા માટેના કોઈ યોગ્ય અને ઉચીત કારણો જણાઈ આવતા નથી.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા સદરહુ કેસ DEAD WOOD CASE ની કેટેગરીમાં આવે છે, જેથી તેવા કેસને આગળ ચલાવવાથી કોઈ અર્થ સરે તેમ નથી. જયારે તેવા કેસ ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાની કોઈ પણ વ્યકતી કે સરકાર પક્ષને પણ કોઈ જ પ્રેજયુડાઈઝ થવાની કોઈ જ શકયતા નથી અને તેથી સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજરની કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયે મુદામાલની માલિકીની ખરાઈ કરી તેના માલિકને પરત કરવો/ મુદામાલનો નાશ કરવો/ મુદામાલ બાબતે ઈન્કવાયરી કરવી/ મુદામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે/ મુદામાલ સરકાર ખાલસા કરવો.

હુકમ આજ તા. ૧૩/૦૭/૧૯ ના રોજ લોકઅદાલત માં મારી સહી કરીને, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૭/૨૦૧૯
સ્થળઃ– અમદાવાદ

(નિરાલી ભુપેન્દ્રભાઇ મુનશી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
**CODE NO. GJ00735**